# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. રાજ્ય સરકારે 61 માર્ગોની પહોળાઈ વધારવા બે હજાર 995 કરોડ રૂપિયાની મંજૂરી આપી
2. ધંધૂકા ખાતે 246 કરોડ રૂપિયાના 184 વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરતા મુખ્યમંત્રી.. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સંગ્રહાલયનું પણ ઉદઘાટન કર્યુ
3. દેશની પ્રથમ ગૌમૂત્ર ડેરીનું ભાભર ખાતે લોકાર્પણ કરતા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી
4. રાજ્યમાં મતદાર યાદી સુધારણાનો પહેલો તબક્કો આજે પૂર્ણ.. 23 અને 24 નવેમ્બરે અન્ય બે તબક્કા યોજાશે
5. ચૈન્નાઇમાં યોજાયેલી ખાસ બેઠકમાં ગુજરાત સહિત દેશના દરિયાઇ વિસ્તારની સલામતી અને કોસ્ટગાર્ડની કામગીરીની સમીક્ષા કરાઇ
6. રાજ્યમાં થયેલા અલગ અલગ અકસ્માતના બનાવોમાં આઠ લોકોનાં મોત – પંદર ઇજાગ્રસ્ત

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM – TRANSPORTATION MANJURI

રાજ્યમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાઓને વધુ સરળ-સલામત અને ઝડપી વાહન વ્યવહાર યોગ્ય રાખવા 61 માર્ગોની પહોળાઈ વધારવા 2 હજાર 995 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યાં છે. સતત વધતા વિકાસને પરિણામે રાજ્યમાં વધી રહેલા વાહન વ્યવહારને કેરેજ-વેની જરૂરી પહોળાઈ સાથેના માર્ગો ઉપલબ્ધ કરાવવાનો ઇઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

રાજ્યના 21 રસ્તાઓની 203.41 કિલોમીટર લંબાઇને ફોર લેન કરવા 1 હજાર 646.44 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જ્યારે 15 માર્ગોની 221.45 કિલોમીટર લંબાઇને 10 મીટર પહોળા કરવા 580 કરોડ કરતાં વધુ રૂપિયાઅને 25 રસ્તાઓની 388.89 કિલોમીટર લંબાઇને 7 મીટર પહોળા કરવા 768 કરોડ કરતા વધુ રૂપિયાની રકમ મંજૂર કરી છે.

........................

## CM DHANDHUKA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ધંધુકામાં 246 કરોડથી વધુ રૂપિયાના ૧૮૪ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભાલ પ્રદેશ તીવ્ર ગતિએ વિકસી રહ્યો છે.

આ વિસ્તારમાં એક હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીના નેતૃત્વના પગલે ગુજરાત દેશમાં રોલ મોડલ

બન્યું છે. ધંધૂકાની મુલાકાત દરમિયાન તેમણે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ દ્વારા નિર્મિત લોકકલા સંગ્રહાલય 'વિરાસત'ને ખુલ્લું મૂક્યું હતું.

આ સંગ્રહાલયમાં પ્રાચીન ચીજવસ્તુઓ અને ખ્યાતનામ ચિત્રકારોની કૃતિઓ સંગ્રહિત કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ધંધુકા પ્રવાસ દરમિયાન રેસ્ટ હાઉસ ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમનું લોકાર્પણ કર્યું હતું.

રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ધંધુકા રેસ્ટ હાઉસ ખાતે ઐતિહાસિક સ્મૃતિ સ્થળ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે. તેનું પણ મુખ્યમંત્રીએ નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધંધુકા સ્થિત RMS હોસ્પિટલની મુલાકાત લઇને સરદાર પટેલ હેલ્થ ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓ સાથે બેઠક યોજીને હોસ્પિટલની સુવિધાઓ અંગે ચર્ચા કરી હતી.

----------------

## CM - SURENDRANAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, ગુરુકુળની પરંપરા નાલંદા, વલભી તથા તક્ષશિલા જેવી વિદ્યાપીઠો - ગુરુકુળ થકી જળવાઈ રહી છે.

મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગરના કરમડ ખાતે સ્વામિનારાયણ ગુરુકુળ નૂતન વિદ્યાર્થી છાત્રાલયનો શિલાન્યાસ કરતાં કહ્યું હતું કે આધુનિક સમયને અનુરૂપ જ્ઞાનથી દેશની યુવા પેઢીને કૌશલ્યવાન બનાવવા સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ શરૂ થઇ છે. યુવાનોના સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ફોકસ કરીને દેશને

વિશ્વનું સ્કીલ કેપિટલ બનાવવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેમ હોવાનો પણ તેમણે પોતાના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

## (બાઇટ - ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી )

કરમડમાં શ્રીજી વિદ્યાધામ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ત્રિદિવસીય પંચાબ્દિ મહોત્સવ  યોજાયો છે, જેમાં ઉપસ્થિત રહ્યાં બાદ તેમણે 51માં સમૂહ લગ્નોત્સવમાં પણ હાજરી આપીને નવ યુગલોને નવા જીવનની શરૂઆતની શુભકામનાઓ પાઠવી હતી.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

......................................

## BANASKANTHA - GAUMUTRA DAIRY

બનાસકાંઠાના ભાભર ખાતે દેશની પ્રથમ ગૌમૂત્ર ડેરીનું લોકાર્પણ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે કરાયું હતું.. નવી શરૂ કરાયેલી

આ ડેરી થકી ગૌ પાલકો પાસેથી ગૌમૂત્ર સાથે અન્ય ઔષધીઓ મેળવી ખેત પેદાશો માટેની દવાઓ બનાવાશે.

આ ડેરી દ્વારા ખેડૂતોને રાસાયણિક ખાતરો માંથી મુક્તિ અપાવી પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરવાનો પ્રયાસ છે, તેમ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું.

(બાઇટ- શંકર ચૌધરી, અધ્યક્ષ, વિધાનસભા)

--------------

## MATDAR YADI SUDHARNA

રાજ્યમાં આજે અને 23 તેમજ 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાયો છે.. કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આજે આ મતદાર સુધારણા કાર્યક્રમનો પહેલોતબક્કો પૂર્ણ થયો છે.

જ્યારે હવે 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે. આ ખાસ ઝૂંબેશ અંતર્ગત આજે રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઓૅફિસર જરૂરી ફોર્મ સાથે ઉપસ્થિત રહ્યાહતા. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાઇ હતી.. આ. આ ઉપરાંત મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદાર યાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરાઇ હતી. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય 28 નવેમ્બર 2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે

રાખવામાં આવેલી મતદાર યાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

---------------------------

## CHENNAI- PARL. COMMITTEE

ચૈન્નાઇમાં યોજાયેલી સંરક્ષણ અંગેની સંસદિય સ્થાયિ સમિતિની બેઠકમાં ગુજરાત સહિત દેશના દરિયાઇ કિનારા ક્ષેત્રની સલામતી અને ભારતીય તટરક્ષક દળની કામગીરીની સમીક્ષા કરવામાં આવી છે.

શ્રી રાધા મોહન સિંહના વડપણ હેઠળના પ્રતિનિધિ મંડળ ધ્વારા આજે યોજાયેલી બેઠકમાં સંરક્ષણ મંત્રાલય અને ભારતીય તટરક્ષક દળના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

તટરક્ષક દળના મહાનિદેશક એસ. પરમેશે આ બેઠકમાં તટરક્ષક દળની કામગીરીની ક્ષમતા, દળ ધ્વારા હાથ ધરાયેલી વ્યુહાત્મક પહેલો અને દેશની દરિયા કિનારાની સલામતી સામેના પડકારોને પહોંચી વળવા તટરક્ષક દળની સજ્જતા અંગેની વિગતો આપી હતી.

તેમણે તટરક્ષક દળ પાસે દેખરેખ અને પેટ્રોલીંગ માટે ઉપલબ્ધ અદ્યતન સાધનો અને પધ્ધતિઓ તેમજ તટરક્ષક દળના જહાજોની સજ્જતા અંગેની માહિતી બેઠકમાં આપી હતી.

શ્રી પરમેશે ભારતીય જળ વિસ્તારમાં ગેરકાયદેસર થતી માછીમારી તેમજ માનવ તસ્કરીને રોકવા માટે તટરક્ષક દળ ધ્વારા લેવાયેલા પગલાઓની વિગતો આપી હતી.

----------------------

## Accident

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાકમાં અલગ અલગ જગ્યાએ થયેલા અકસ્માતમાં 8 નાં મોત નીપજ્યા છે. જ્યારે 15 વ્યક્તિઓ ઇજાગ્રસ્ત થયા છે.

અમરેલી જિલ્લાના બગસરાના હડાળા નજીક ગાડી પલટી ખાઈ જતાં 1 મહિલાની મોત થયું અને 12 જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. 108 અને પ્રાઈવેટ વાહનોની મદદથી 4 ઈજાગ્રસ્તોને સારવાર અર્થે અમરેલી અને 7 જેટલા ઈજાગ્રસ્તોને બગસરા હોસ્પિટલમાં ખસેડાયા છે.

અરવલ્લીના માલપુર- ભેમાપુર સ્ટેશન પાસે કાર અને બાઈક અક્સ્માતમાં બે વ્યક્તિનાં મોત નિપજ્યાં હતા અને  એક ઇજાગ્રસ્ત થયા હતા.

જામનગર રાજકોટ હાઇવે પર આવેલા ધ્રોલ નજીકના જાયવાગામ પાસે અકસ્માત થયો હતો, એકટીવા અને બોલેરા વચ્ચે અકસ્માતમાં 3 લોકોના મોત થયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે પાણી લઇ જતુ વાહન અને ટુ વ્હીલર વચ્ચે અકસ્માત સર્જાતા ટુ વ્હીલર પર સવાર બન્નેને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક બાળકનું મોત નીપજ્યું હતું.,

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના વાંટા વછોટા ચોકડી પાસે ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય ઘાયલને ગંભીર ઇજા થતાં હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતા.

--------------------------

## Rajkot Nagrik Sahkari bank

આજે રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં સંસ્કાર પેનલ અને સહકાર પેનલે  પોતપોતાના ઉમેદવારો ઉભા કર્યા હતા.. આ ચૂંટણીમાં રાજકોટમાં બપોર સુધીમાં 196 મતદારોમાંથી 186 મતદારોએ મતદાન કર્યું હતું. આ ચૂંટણી માટે રાજકોટ શહેર, જેતપુર, મોરબી, જસદણ, અમદાવાદ, સુરત તથા મુંબઈ ખાતે મતદાન થયું હતું.. રાજકોટ મતક્ષેત્રની ૧૩ સામાન્ય બેઠક માટે કુલ ૨૩ ઉમેદવાર તથા બે અનામત બેઠક માટે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

આ ચૂંટણીની મતગણતરી 19 મી તારીખે હાથ ધરવામાં આવશે.

---------

## NEWS IN BRIEF

**અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

1. પ્રાથમિક શિક્ષણના ભીષ્મ પિતા અને મુછાળીમાં તરીકે  પ્રસિધ્ધ ગીજુભાઈ બધેકાની જન્મ જયંતિ નિમિતે રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાવાંજલિ અર્પી.
2. પંચમહાલ જિલ્લામાં કાલોલ ખાતે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં કુલ 109 ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી.

3. તાપી જિલ્લાના સોનગઢ  ખાતે e-KYC કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં કુલ 1 હજાર 131 રેશનકાર્ડ ધારકોના e-KYCની કામગીરી કરાઇ.
4. નવસારીના ગણદેવીમાં વિનામૂલ્યે સાધન સહાય શિબિર યોજાઇ હતી. જેમાં ૭૩ દિવ્યાંગ જરૂરિયાતમંદોને સાધનોનું વિતરણ કરાયું હતું.
5. અરવલ્લી જિલ્લા પોલીસ અને સુરક્ષા સોસાયટી દ્વારા વોલીબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવી.

---------------------------------